## તિલકવાડાના સુરવામાં જુગાર રમતા 4 ઝડપાયા, એક ફરાર

**રોકડા**, બે મોબાઇલ મળી રૂ.૨૯,૨૨૦નો મુદ્દામાલ કબજે કરાયો

સુરતઃ તિલકવાડાના સુરવા ગામે મકાનની પાછળ ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડીને કુલ ૪ જુગારીને રોકડ અને મોબાઈલ મળી રૂ.૨૯,૨૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે એક આરોપી સ્થળ પરથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ તિલકવાડા પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળી હતી કે સુરવા ગામે વિપીનભાઈ ચીમનભાઈ બારિયાના રહેણાક ઘરની પાછળ આવેલા છાપરા આગળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો લાઈટના અજવાળે પત્તા-પાના વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને ૨૬ ઓગસ્ટના રોજ મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી ગોપાલભાઈ મનોરભાઈ બારિયા (રહે.,રેંગન), વિપીનભાઈ ચીમનભાઈ બારિયા (રહે.,સુરવા), મુકેશભાઈ કનુભાઈ તડવી (રહે.,સુરવા) અને હિરેનકુમાર રાજુભાઈ સીંમ્પી (રહે.,કેવડિયા)ને પત્તાં રમતા ઝડપી લીધા હતા. જ્યારે ઉમેશભાઈ રમણભાઈ બારિયા (રહે.,સુરવા) પોલીસને જોઈ નાસી છૂટ્યો હતો. પોલીસે આરોપીઓની અંગજડતીમાંથી રૂ.૧૨,૪૨૦, દાવ પરના રૂ.૨,૮૦૦ મળી કુલ રૂ.૧૫,૨૨૦ની રોકડ રકમ, રૂ.૧૪,૦૦૦ની કિંમતના ૨ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન અને ગંજીપાનાં કબજે કર્યાં હતાં. તિલકવાડા પોલીસે પાંચેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ વસાવા ચલાવી રહ્યા છે.

## સાવા પાટિયા પાસે ઈકો કાર પલટી ખાઈ જતાં વૃદ્ધનું મોત, દંપતી ઘાયલ

**અડફેટે** ચઢેલી બાઈક ઉપર સવાર પતિ-પત્નીને સારવાર માટે અંકલેશ્વરની હોસ્પિટલમાં ખસેડાયાં

હથોડાઃ કોસંબા પોલીસ મથકની હદમાં આવેલ સાવા પાટિયા નજીક નેશનલ હાઈવે પર શુક્રવારે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પરથી પસાર થતી ઈકો કારના ચાલકે આગળ જઈ રહેલી મોટરસાઈકલને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત બાદ કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતાં ઈકો કાર સાઈડમાં પલટી મારી ગઈ હતી.



ઈબ્રાહીમ કાનુ

આ દુર્ઘટનામાં ઈકો કારના ચાલકના પિતા કાળાભાઈ મંગળભાઈ પટેલનું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર હર્ષદભાઈ પઢીયાર અને તેમની પત્ની ઊર્મિલાબેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં.

ઘટનાની જાણ થતાં જ હાઈવે પર પેટ્રોલિંગ કરી રહેલા જિલ્લા ટ્રાફિક પોલીસ જમાદાર લાલજીભાઈ અને તેમની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી રાહત કામગીરી હાથ ધરી હતી.

ઈજાગ્રસ્ત પતિ-પત્નીને વધુ સારવાર માટે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. કોસંબા પોલીસે મૃતદેહનો કબજો મેળવી ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### ભરૂચ જેલમાં રક્ષાબંધન પર્વ મનાવાયો



ભરૂચઃ ભરૂચ જિલ્લા જેલમાં રક્ષાબંધન પર્વ મનાવાયો હતો. જેલની અંદર સજા ભોગવી રહેલા બંદિવાનોને તેમની બહેનો સાથે મળવાનો અને રાખડી બંધાવવાનો ઐતિહાસિક અવસર આપવામાં આવ્યો હતો. બહેનોએ પોતાના ભાઈઓને તિલક કરી, મીઠાઈ ખવડાવી અને શુભેચ્છા સાથે રાખડી બાંધી હતી. લાંબા સમય બાદ પોતાના ભાઈને જોઈને અનેક બહેનોની આંખો ખુશીના આંસુથી ભીની થઈ ગઈ હતી. ભાઈના કાંડે રાખડી બંધાતાં જ અનેક બંદીવાનોની આંખો ભીની થઈ હતી. બહેનોએ ભાઈના સુખ, શાંતિ, સારા સ્વાસ્થ્ય, ઉજ્જવળ ભવિષ્ય અને વહેલી તકે જેલમુક્તિ મળીને સજ્જન બનવાની પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે જેલ અધિક્ષક એન.પી.રાઠોડે તમામ બંદિવાનો અને તેમના પરિવારજનોને રક્ષાબંધનની શુભકામનાઓ આપી હતી. તેમણે કહ્યું કે આવા આયોજનથી બંદિવાનોનું મનોબળ વધે છે અને તેઓ સુધારાના માર્ગે આગળ વધે છે.

#### કીમ પોલીસે વૃદ્ધો-બાળકો સાથે રક્ષાબંધન પર્વ મનાવ્યો



કિરણ ઢોડિયા

કીમઃ દેશભરમાં પવિત્ર રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ રહી છે. ત્યારે કીમ પોલીસે માનવતા અને સામાજિક જવાબદારીનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કીમ પોલીસ સ્ટેશનના PI કે.એ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ તથા ખાસ કરીને મહિલા પોલીસ ટીમે સ્થાનિક વૃદ્ધાશ્રમના વડીલો અને નાનાં બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે મહિલા કર્મચારીઓએ વૃદ્ધાશ્રમના વડીલો તથા બાળકોને રાખડી બાંધી હતી. પોલીસ ટીમે સૌને મીઠાઈનું વિતરણ કરી તહેવારની ખુશીઓ વહેંચી હતી. પોલીસ કર્મચારીઓના આ પ્રેમભર્યા અભિગમથી વૃદ્ધો અને બાળકોના ચહેરા પર પણ ખુશી જોવા મળી હતી. રક્ષાબંધન જેવા પવિત્ર પર્વને નિરાધાર વડીલો અને બાળકો સાથે ઉજવી કીમ પોલીસે માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની પોતાની ફરજ પૂરતી સીમિત ન રહી, પરંતુ સમાજ પ્રત્યેની પોતાની સંવેદનશીલ જવાબદારી પણ નિભાવી હતી. મહિલા પોલીસ ટીમે આ સેવાકીય પ્રવૃત્તિ દ્વારા મહિલા સશક્તિકરણ સાથે માનવતા અને સામાજિક સેવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો સંદેશ આપ્યો હતો.

#### ધારાસભ્ય ચૈતર વસાવાને બહેનોએ જેલમાં રાખડી બાંધી



ચિકદા, ભરૂચઃ રક્ષાબંધનના પાવન પર્વે ભાઈ-બહેનના અતૂટ સ્નેહની મીઠાશ જોવા મળી હતી, પરંતુ ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા માટે આ દિવસ ભાવુક અને વેદનાભર્યો રહ્યો હતો. હાલ જેલવાસ ભોગવી રહેલા ધારાસભ્યને તેમની બહેનોએ જેલની અંદર જ રાખડી બાંધી અને ભાઈની લાંબી આયુષ્યની કામના કરી હતી. દરમિયાન ધારાસભ્યનાં બહેન પુષ્પાબેન વસાવાએ ભાવવિભોર થઈને કહ્યું, અમને ખૂબ જ રંજ છે કે અમારો ભાઈ આજે જેલમાં છે. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે તે જલદીથી મુક્ત થાય અને પરિવાર વચ્ચે પાછો આવે. તેમણે ઉમેર્યું કે ગત વર્ષે પણ રક્ષાબંધને ધારાસભ્ય જેલમાં હતા, ત્યારે પણ પરિવારને ઊંડો ઘા સહન કરવો પડ્યો હતો. બીજી બહેન કાશીબેન વસાવાએ આંસુ સાથે જણાવ્યું, મારી જેમ અનેક બહેનોની આંખોમાં આજે આંસુ છે. અમે ઈચ્છીએ છીએ કે ભાઈ જલદી બહાર આવે અને ફરી એકવાર સૌને સાથે લઈને રક્ષાબંધન ઉજવી શકીએ. જેલ પરિસરમાં આ દૃશ્ય જોઈને હાજર લોકો પણ લાગણીથી ભીનાં થઈ ગયાં. ભાઈ-બહેનના આ સ્નેહબંધને સાબિત કર્યું કે દૂરી ભલે ગમે તેટલી હોય, પરંતુ રક્ષાબંધનની ભાવના ક્યારેય ઓછી થતી નથી.

#### નિઝર અને કુકરમુંડા તાલુકામાં રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી

કુકરમુંડાઃ નિઝર અને કુકરમુંડા તાલુકામાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને અતૂટ લાગણીના પ્રતિક એવા રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન માત્ર ભાઈના કાંડે રાખડી બાંધવાનો તહેવાર નથી, પરંતુ ભાઈ-બહેન વચ્ચેના નિઃસ્વાર્થ પ્રેમ, વિશ્વાસ, લાગણી અને જીવનભરના સાથનું પ્રતીક છે. પિતા બાદનો પહેલો સહારો ભાઈ અને માતા બાદની પહેલી હૂંફ બહેન હોય છે. એકબીજાના સુખ-દુઃખમાં સાથ આપતા ભાઈ-બહેનના આ પવિત્ર સંબંધને વધુ મજબૂત બનાવતો આ તહેવાર લોકો માટે ખાસ મહત્ત્વ ધરાવે છે. નિઝર અને કુકરમુંડા તાલુકાના વિવિધ ગામોમાં બહેનોએ પોતાના ભાઈઓના કાંડે રાખડી બાંધી તેમની સુખાકારી અને લાંબા આયુષ્યની પ્રાર્થના કરી હતી. ભાઈઓએ પણ બહેનોની હંમેશા સાથે રહેવાની અને જીવનભર રક્ષણ તથા સહયોગ આપવાની લાગણી વ્યક્ત કરી હતી.

### તહેવારોને લઈ ફૂડ એન્ડ ડ્રગ વિભાગનું મેગા ચેકિંગ

## કીમ અને સાયણમાં 12 દુકાન અને ટેમ્પરરી સ્ટોલની તપાસ

**3 કિલો** પેંડા અને 5 લિટર બળેલું તેલ નષ્ટ કરાયું

કીમઃ તહેવારોના પર્વને ધ્યાનમાં રાખીને સુરત ગ્રામ્ય વિસ્તારમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે માટે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

કીમ અને સાયણમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમ દ્વારા મીઠાઈની દુકાનો તેમજ તહેવારો દરમિયાન ઊભા કરવામાં આવેલા ટેમ્પરરી સ્ટોલ પર તપાસ કરવામાં આવી હતી. કીમની પ્રખ્યાત ગીતાંજલિ સ્વીટ, મધુરમ માર્ટ સહિત વિવિધ સ્થળોએ ટીમે અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન કીમ અને સાયણ વિસ્તારમાં કુલ 12 જેટલી દુકાનોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. અલગ-અલગ દુકાનોમાંથી આશરે 32 જેટલી મીઠાઈના નમૂનાઓ/જથ્થાની ચકાસણી કરવામાં આવી હતી.



કિરણ ઢોડિયા

ચેકિંગ દરમિયાન ગુણવત્તા અંગે શંકાસ્પદ જણાયેલા 3 કિલોગ્રામ પેંડા તેમજ ખાદ્યપદાર્થો બનાવવા માટે વપરાયેલું 5 લિટર બળેલું તેલ મળી આવતામ તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

તહેવારો દરમિયાન લોકો મોટી સંખ્યામાં મીઠાઈ અને અન્ય ખાદ્યપદાર્થોની ખરીદી કરતા હોવાથી ફૂડ એન્ડ ડ્રગ વિભાગની આકસ્મિક કાર્યવાહીને પગલે વેપારીઓમાં પણ ફફડાટ જોવા મળ્યો હતો. વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ આવી તપાસ અને કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તેવી શક્યતા છે.

## રક્ષાબંધન પર્વ મનાવવા જતાં દંપતીને અકસ્માત, મહિલાનું મોત

**સાગબારાના** ભોગવડ ગામના ફાટક નજીક બનેલી ઘટના, પાંચ જણાનો બચાવ

સુરતઃ સાગબારાના ભોગવડ ગામના ફાટક નજીક શુક્રવારે સવારે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે સાસરીમાં જઈ રહેલા પરિવારની મોટરસાઈકલને પાછળથી પૂરઝડપે આવતી અન્ય એક બાઈકે ટક્કર મારતાં મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પરિવારનાં બે નાનાં બાળકો સહિત પાંચ લોકોને ઓછી-વત્તી ઈજા પહોંચી હતી.

સાગબારાના દેવસાકી ગામના મૂળ નિવાસી અને હાલ સાગબારા ખાતે રહી પાનખલા કોલેજમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા વિપેશભાઈ વસંતભાઈ વસાવા (ઉં.વ.૩૨) શુક્રવારે સવારે આશરે ૧૦ વાગ્યે પોતાની યુનિકોર્ન મોટરસાઈકલ નં.(GJ-22-K-2036) પર પત્ની હિનાબેન, સાત વર્ષના પુત્ર રીહાન તથા દોઢ વર્ષની પુત્રી નિયતી સાથે સાસરી રાણીપુર જવા નીકળ્યા હતા. સવારે ૧૧:૦૫ વાગ્યાના અરસામાં તેઓ સાગબારાના ભોગવડ ગામની ફાટકથી ૧૦૦ મીટર દૂર ભાણીયાભાઈ વસાવાના ખેતર નજીકથી પસાર થઈ રહ્યાં હતાં, ત્યારે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એચએફ ડીલક્સ મોટરસાઈકલ નં.(GJ-22-F-5329)ના ચાલક બહાદુરભાઈ વિરસિંગભાઈ વસાવા (રહે.,પાના, તા.સાગબારા)એ તેમની બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વિપેશભાઈનો પરિવાર રોડ પર ફંગોળાઈ ગયો હતો. બાઈકની પાછળ બેસેલાં તેમનાં પત્ની હિનાબેનને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં તેઓ બેભાન થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી તમામ ઈજાગ્રસ્તોને સાગબારા સરકારી હોસ્પિટલ ખસેડ્યાં હતાં, જ્યાં ફરજ પરના તબીબે હિનાબેનને મૃત જાહેર કર્યાં હતાં. બાળક રીહાન અને બાળકી નિયતીને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આ બનાવમાં અકસ્માત સર્જનાર બાઈક ચાલકની ત્રણ વર્ષની દીકરી પણ ઘાયલ થઈ હતી. આ ઘટના અંગે સાગબારા પોલીસે વિપેશભાઈ વસાવાની ફરિયાદના આધારે આરોપી બાઈક ચાલક બહાદુરભાઈ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં આઠ ગુનામાં સામેલ ચોર ઝડપાયો

ભરૂચઃ શહેરના 'એ' ડિવિઝન પોલીસે ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપી સુનીલ ઉર્ફે પોન્ટિંગ રાજુભાઈને ઝડપી લીધો હતો. આરોપી સામે ચોરી અને અન્ય ગુનાના કુલ 8 કેસ નોંધાયેલા છે. આરોપી સુનીલ ઉર્ફે પોન્ટિંગ (ઉં.વ.23) (રહે.,અયોધ્યાનગર ઝૂંપડપટ્ટી, માતરીયા તળાવની સામે, મૂળ નિવાસસ્થાન ઈન્દિરાનગર ઝૂંપડપટ્ટી, એસ.ટી. ડેપો પાછળ, ભરૂચનો અપરાધી ઈતિહાસ ઘણો લાંબો છે. તેની સામે અગાઉ ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી મુજબના સાત અને અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક ગુનો નોંધાવ્યો છે. તેના પર ઈ.પી.કો. કલમ 379 (ચોરી) અને 379(એ)(3), તેમજ BNS કલમ 303(2) હેઠળ ગુના નોંધાયેલા છે.

## દર્શન સાથે સ્વચ્છતાનું પુણ્યઃ મંદિરો 'ઝીરો વેસ્ટ' સાથેના ધાર્મિક ધામ બનશે

**અંકલેશ્વરમાં** તીર્થધામોને સંપૂર્ણ કચરામુક્ત બનાવવાના હેતુથી અભિયાન શરૂ

'**હરિત** સાથી' સ્વયંસેવકો દર્શનાર્થીઓને પ્રેરિત કરશે

અંકલેશ્વરઃ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક સ્થળોની પવિત્રતા અને પર્યાવરણની જાળવણી માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી સ્વચ્છ તીર્થસ્થાન, પવિત્ર ગુજરાત' અભિયાનનો પ્રારંભ કરાયો છે. શ્રદ્ધાળુઓમાં જાગૃતિ કેળવી તીર્થધામોને સંપૂર્ણ કચરામુક્ત બનાવવાના હેતુથી આ અભિયાન શરૂ કરાયું છે.



આ અભિયાનમાં અંકલેશ્વર તેમજ નર્મદા જિલ્લાના ધાર્મિક તીર્થધામોને આવરી લેવામાં આવ્યાં છે. રાજ્ય પ્રવાસન અને તીર્થધામ વિભાગ સાથે સંકલન કરીને બંને જિલ્લામાં ટૂંક સમયમાં ધાર્મિક સ્થળો નક્કી કરાશે. મંદિરોમાં ચડાવાતાં ફૂલ, પત્રી અને પૂજા સામગ્રીને ખુલ્લામાં ફેંકવાને બદલે તેનું પ્રોસેસિંગ કરાશે. તેમાંથી સેન્દ્રીય ખાતર, ધૂપ તથા અગરબત્તી બનાવાશે. આ માટે પરિસરમાં અલગ- અલગ પાત્રો અને કળશ મૂકવામાં આવશે. મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી 100 મીટર સુધીના વિસ્તારને 'સ્વચ્છ ધાર્મિક ઝોન' જાહેર કરાયો છે. ત્યાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. સ્થાનિક મંડળો, સ્વયંસેવકો અને યુવક મંડળોના કાર્યકરો હરિત સાથી અને 'સ્વચ્છ તીર્થસ્થાન સેવક' તરીકે દર્શનાર્થીઓમાં જાગૃતિ ફેલાવશે. જીપીસીબીની આ પહેલથી શ્રાવણ માસ દરમિયાન નાનાં-મોટાં શિવમંદિરો અને તીર્થધામોમાં સ્વચ્છતા જળવાઈ રહેશે. અભિયાનને સફળ બનાવવા તંત્ર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## નેત્રંગમાં વાહન ચેકિંગ વેળા વોન્ટેડ આરોપી ઝડપાયો

નેત્રંગઃ તહેવારોને ધ્યાને રાખી નેત્રંગ પોલીસ દ્વારા હાથ ધરાયેલી વિશેષ વાહન ચેકિંગ ઝુંબેશ દરમિયાન અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનના NDPS (ડ્રગ્સ) કેસનો લાંબા સમયથી ફરાર વોન્ટેડ આરોપી ઝડપાઈ ગયો છે.

પીઆઈ વી.એસ.વણઝારા અને પીએસઆઈ યુ.પી.પારેખની આગેવાનીમાં પોલીસે માંડવી રોડ પર ચેકિંગ ગોઠવ્યું હતું. દરમિયાન નંબર પ્લેટ વગરની કાળા રંગની ફોર વ્હીલર કારને રોકવાનો ઈશારો કરતાં ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે સતર્કતા દાખવી ગાડીને કોર્ડન કરી ચાલકને પકડી પાડ્યો હતો. પકડાયેલા ઈસમની કડક પૂછપરછ કરતા તેનું નામ દીપ્તેશ ઉર્ફે દીપુ અશોક પટેલ (રહે.,અંકલેશ્વર જીઆઈડીસી) હોવાનું ખૂલ્યું હતું.





પ્રદીપ ગુર્જર

તેની સામે અંકલેશ્વર અને ડેડિયાપાડા ખાતે NDPS તથા જુગારના ગુના નોંધાયેલા છે. પોલીસે આરોપી પાસેથી રોકડ રકમ, ૨ મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૭,૦૭,૪૨૦નો મુદ્દામાલ જપ્ત કરી તેને આગળની કાર્યવાહી માટે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

## સોનગઢના ધમોડી ગામમાં ટેમ્પો અડફેટે બાઈક ચાલક ઘાયલ

સોનગઢઃ સોનગઢના ધમોડીમાં ગત તા.૨૭ ઓગસ્ટના રોજ રાત્રે અકસ્માત સર્જાયો હતો. સુરત ખાતે સંચાના કારખાનામાં મજૂરીકામ કરતા અને રજાના દિવસે પોતાના વતન ઘોડચીત ગામે આવતા ચંપકભાઈ ગંગાજીભાઈ ગામીત પોતાની હીરો હોન્ડા પેશન પ્રો મોટરસાઈકલ નં.(GJ 26 B 5808) લઈને વ્યારાથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન ધમોડી ગામથી મોટા બંધારપાડા જતા રોડ પર શાકભાજી વહન કરતા એક અજાણ્યા ટેમ્પાના ચાલકે વાહન પૂરઝડપે હંકારી લાવી ચંપકભાઈની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ચંપકભાઈને ડાબા હાથ અને પગમાં ફ્રેક્ચર થયું હતું. આ બનાવમાં ઈજાગ્રસ્ત ચંપકભાઈને પ્રથમ વ્યારા જનરલ હોસ્પિટલ તથા ત્યારબાદ વધુ સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે.

## કઠોદરામાં પાણીની મોટર ચોરાઈ

કીમઃ ઓલપાડના કઠોદરા ગામમાંથી પસાર થતી કીમ ખાડીના પાણીમાં બુલેટ ટ્રેનના બ્રિજ નીચે ખુલ્લી જગ્યાએથી પાણીની મોટર સહિત વિવિધ સામાનની ચોરી થઈ હતી. તા.5 ઓગસ્ટથી તા. 26 ઓગસ્ટ, 2026 દરમિયાન કોઈપણ સમયે આરોપીઓએ કીમ ખાડીમાંથી પાણીની મોટર ચોરી કરી હતી. ચોરીમાં આશરે 35,000ની પાણીની મોટર, 1,000નો 20 ફૂટ જેટલો કેબલ, 2,500ની લોખંડની વળાંકવાળી પાઈપ (વાંકિયું) તેમજ 3,000ની આશરે 10 મીટર લાંબી લીલા રંગની પ્લાસ્ટિકની પાઈપ મળી કુલ 41,500નો મુદ્દામાલ ચોરી કરાયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ મામલે કીમામલી ગામના હળપતિવાસના અજય સોમાભાઈ રાઠોડ, અજય અમરત રાઠોડ, કનુ છનાભાઈ રાઠોડ અને પ્રવીણ છના રાઠોડ વિરુદ્ધ કીમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર મામલાની તપાસ અ.હે.કો. અનિલભાઈ વસંતભાઈ કરી રહ્યા છે.



## ચિકાલી ફાટક પાસે પિકઅપ વાહન અને બાઇક વચ્ચે અકસ્માત

ચિકદા, સાગબારાઃ સાગબારા નજીક આવેલા ચિકાલી ફાટક પાસે પિકઅપ વાહન અને બાઇક વચ્ચે ગઈકાલે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બાઇક સવારને માથાના પાછળના ભાગે ઈજા થતાં લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ તે જમીન પર ઢળી પડ્યો હતો. ઈજાગ્રસ્ત નંદુરબારના અક્કલકૂવાના મોલગીનો રહેવાસી હોવાનું જણાયું છે. જોકે, તેમની ઓળખ હજુ સ્પષ્ટ થઈ શકી નથી. અકસ્માત એટલો ગંભીર હતો કે ઘાયલના માથા પાછળના ભાગેથી મોટા પ્રમાણમાં રક્તસ્ત્રાવ થવા લાગ્યો હતો. આ નાજૂક સ્થિતિમાં 'આપદા મિત્ર' કેતનભાઈએ તત્કાળ ઘટના સ્થળે પહોંચી ઘાયલને પ્રાથમિક સારવાર આપી હતી. તેમણે લોહીનો પ્રવાહ અટકાવવા અને દર્દીને સ્થિર કરવા માટે જરૂરી પગલાં લીધાં હતાં. તાત્કાલિક તેમણે ઈજાગ્રસ્તને સારવાર અર્થે નજીકના આરોગ્ય કેન્દ્ર તરફ ખસેડવાની વ્યવસ્થા કરી હતી. બાદ 108 એમ્બ્યુલન્સ ઝડપથી ઘટના સ્થળે પહોંચી હતી અને ઘાયલને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## વ્યાજખોરનો ત્રાસઃ રૂ.૪.૭૯ લાખ ચૂકવ્યા, કાર વેચી છતાં ધમકી

**અંકલેશ્વરમાં** લારીધારકને ઊંચા વ્યાજે નાણાં ધીરવા મામલે ફરિયાદ

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં ઊંચા વ્યાજે નાણાં ધીરવાના મામલે એક વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી હિમાંશુ બંકીમભાઈ શાહે આરોપ મૂક્યો છે કે સંજીતકુમાર હરિશંકર રાયે ઊંચા વ્યાજદરે નાણાં આપી ત્યારબાદ મુદ્દલ અને વ્યાજની વસૂલાત માટે દબાણ તથા ધમકી આપી હતી.

ફરિયાદ મુજબ હિમાંશુ શાહ અંકલેશ્વરના મામલતદાર કચેરી જવાના કટ પાસે 'મહાકાળી સેવ ઉસળ'ની લારી ચલાવે છે. સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન તેમની ઓળખાણ સંજીતકુમાર સાથે થઈ હતી. ગણપતિ સ્થાપના માટે રૂ.૩૦ હજારની જરૂરિયાત હોવાનું જણાવતાં આરોપીએ રૂ.૩ હજાર વ્યાજ અગાઉથી કાપી રૂ.૨૭ હજાર રોકડા આપ્યા હતા અને દરરોજ રૂ.૧ હજાર મુજબ, ૩૦ દિવસમાં રકમ ચૂકવવાની શરત રાખી હતી. સમયસર રકમ ન ચૂકવાય તો રૂ.૫૦૦ પેનલ્ટી લેવાની વાત પણ કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદીએ આરોપીના બેંક ખાતામાં અલગ-અલગ તારીખે ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરી કુલ રૂ.૩૪, ૫૦૦ ચૂકવ્યા હોવાનું જણાવ્યુ છે.

ત્યારબાદ વધુ નાણાંની જરૂરિયાત ઊભી થતાં વધુ રકમ લેવાની વાત થઈ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ અલગ-અલગ સમયગાળામાં વ્યાજ સહિત કુલ રૂ.૪,૭૯,૮૫૦ જેટલી રકમ ચૂકવ્યા બાદ પણ આરોપી વધુ મુદ્દલ અને વ્યાજની માંગણી કરતો રહ્યો હતો.

ફરિયાદીનો આક્ષેપ છે કે, આરોપી તેની સેવ ઉસળની લારી પર વારંવાર આવી દબાણ કરતો હતો અને ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવતો હતો. અંતે ફરિયાદીએ પોતાની સ્વિફ્ટ કાર રૂ.૩.૫૦ લાખમાં વેચી મળેલી રોકડ રકમ પણ આરોપીને ચૂકવી હતી. તેમ છતાં આરોપીએ ફરિયાદીની પત્નીને ઉઠાવી લઈ જવાની તેમજ ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો ગંભીર આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

ફરિયાદીએ વધુમાં આક્ષેપ કર્યો છે કે, આરોપી પાસે નાણાં ધીરવાનો લાઈસન્સ ન હોવા છતાં ઊંચા વ્યાજે નાણાં ધીરવાનો વ્યવસાય કરી બળજબરીપૂર્વક રકમ વસૂલવામાં આવી હતી.

ફરિયાદીએ મોબાઈલ ફોન થોડા સમયથી બંધ હોવાના કારણે અગાઉ ફરિયાદ કરી ન શકી હોવાનું જણાવ્યું છે. મોબાઈલ ચાલુ થતાં આરોપી સાથેની વ્યાજ અંગેની વાતચીત અને ધમકીના રેકોર્ડિંગ મળી આવ્યા બાદ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ એડ્વોકેટ સંકેત રાઠોડ મારફતે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

### કુમસમાં ગાંજા સાથે એક ઝડપાયો

સુરતઃ નર્મદા એસ.ઓ.જી. પોલીસ ટીમે નાંદોદના કુમસમાં ગાંજાનું વાવેતર અને વેચાણ કરતા મુકેશ વસાવાને ૧.૬૦૯ કિલોગ્રામ વજનના લીલા ગાંજાના ૪ છોડ (કિં. રૂ.૮૦,૪૫૦) તેમજ ઘરમાંથી ૭૦૪ ગ્રામ સૂકા ગાંજા (કિં.રૂ.૩૫,૨૦૦) સાથે ઝડપ્યો હતો. પોલીસે મોબાઈલ સહિત રૂ.૧,૨૫,૬૫૦નો મુદ્દામાલ જપ્ત કરી મુદ્દામાલ પૂરો પાડનાર કાળુને ફરાર જાહેર કર્યો હતો.


Milano MULTIPLEX

બારડોલી

Toxic

10:00am, 11:00am, 01:00pm, 02:00pm, 02:45pm, 05:00pm, 06:15pm, 09:00pm, 09:30pm, 10:00pm

Tom And Cherry

Gujarati - 05:45pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333